ફાયરબ્રિગેડના જવાનોએ દરવાજો તોડી આગ પર કાબુ મેળવ્યો

# કારેલીબાગની સાધના નગર સોસાયટીના બંધ મકાનમાં આગ

**જાનહાનિ** થતા ટળી,તમામ સમાન બળીને ખાખ થયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી સાધના નગર સોસાયટીના એક બંધ મકાનમાં ધડાકાનો અવાજ આવતા પાડોશમાં રહેતા લોકો બહાર દોડી આવ્યા હતા. જ્યાં એક મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા દેખાઈ આવતા પાડોશીએ ફાયર બ્રિગેડ અને પોલીસ વિભાગને જાણ કરી હતી. આગની ઘટનાનો કોલ મળતા ફાયર બ્રિગેડની ટીમ અને કારેલીબાગ પોલીસ મથકની ટીમ પણ સ્થળ દોડી આવી હતી સાથે જીઈબીનો સ્ટાફ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદ નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. સાધના નગર સોસાયટીમાં રહેતા મહિલા સ્વરા પંડ્યાએ જણાવ્યું હતું કે, અમારા પાડોશીના મકાનમાં એકદમ ધડાકો થયો હતો અમે ઉપર રહીએ છીએ, અવાજ થતા અમે તરત બહાર આવ્યા હતા. જોયું તો રૂમમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. જેથી અમે તાત્કાલિક જેનું મકાન છે એમને જાણ કરી હતી. પોલીસ અને ફાયર બ્રિગેડને પણ જા કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે મકાન બંધ હોવાના કારણે દરવાજો તોડી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. પરંતુ ઘરવખરી નો સામાન બળીને ખાખ થઈ ગયો હતો ફાયર ઓફિસર સલીમ શેખે જણાવ્યું હતું કે, કંટ્રોલરૂમ ઉપરથી કોલ મળ્યો હતો કે કારેલીબાગ સાધના નગર સોસાયટીના એક મકાનમાં આગ લાગેલી છે. સ્થળ પર આવીને જોયું તો મકાન બંધ હતું. જેથી કરીને મુખ્ય દરવાજો તોડી અને આગને કાબૂમાં લઈ લીધી છે. સોફાસેટ ઘર વખરીના સામાનને ડેમેજ થયું છે. આગનું કારણ કોઈ જાણવા મળ્યું નથી.

### ભૂતડીઝાંપા પોલીસ લાઈનના ચોથા માળે આગ લાગતા તંત્રમાં દોડધામ

વડોદરા શહેરના ભૂતડીઝાંપા વિસ્તારમાં આવેલી પોલીસ લાઈનના પોલીસ કોટર્સના બ્લોક 28 ના ચોથા માળે આગનો બનાવ બન્યો હતો. જેના પગલે બદામડી બાગ ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગ શોર્ટ સર્કિટના કારણે અથવા તો દીવો અગરબત્તીના કારણે લાગી હોવાનું પ્રાથમિક કારણ બહાર આવ્યું છે. સબ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે કોલ મળતાની સાથે અમારો સ્ટાફ આવી પહોંચ્યો હતો અને આગને બુજાવી હતી અને કનેક્શન પણ કટ કરેલ છે. શોર્ટ સર્કિટને કારણે અથવા તો દિવાબત્તીના કારણે આગ લાગી હોવાનું લાગી રહ્યું છે. ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. ફાયર સેફ્ટી પણ અહીંયા લગાવેલી છે. કોઈ જાનહાનિ થઈ નથી.

## MSUના નાટ્ય વિભાગની આંતરરાષ્ટ્રીય ઉત્સવમાં નોંધપાત્ર સિદ્ધિ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નાટ્ય વિભાગ દ્વારા કેરળ ખાતે આયોજિત ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ ઓફ થિયેટર સ્કૂલ્સ ત્રિશુલમાં ગૌરવપૂર્ણ સહભાગીતા નોંધાઈ હતી. તા. 16 થી 22 જાન્યુઆરી દરમિયાન યોજાયેલા આ ઉત્સવમાં વિભાગ તરફથી બાર વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપક ડો. ત્રિલોકસિંગ મહેરાએ સક્રિય ભાગીદારી સાથે પ્રસ્તુતિ આપી હતી. વિશ્વભરના નાટ્ય વિદ્યાલયોની હાજરી આ આંતરરાષ્ટ્રીય ઉત્સવમાં ભારત સહિત વિશ્વના વિવિધ દેશોના નાટ્ય વિદ્યાલયોમાંથી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો જોડાયા હતા. ડિપાર્ટમેન્ટ ઓફ ડ્રામેટિક્સ તરફથી રજૂ થયેલી પ્રસ્તુતિઓને પ્રશંસા મળી હતી. સાથે જ વિદ્યાર્થીઓ માટે નાટ્ય શિક્ષણને વધુ સશક્ત બનાવતી કાર્યશાળાઓ, એક્ઝિબિશન અને પરફોર્મન્સિસ જેવી વિવિધ ગતિવિધિઓ યોજાઈ હતી.

મહાશિવરાત્રી નિમિતે પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા

# શ્રી સોમનાથ મંદિર અને વારાણસીના શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકાશે

**ભક્તોએ** ઈ-મની ઓર્ડરમાં પોતાનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઇલ નંબર લખવો ફરજિયાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો દેશના કોઈપણ ખૂણામાં, ગુજરાતના શ્રી સોમનાથ મંદિર અને વારાણસીના શ્રી કાશી વિશ્વનાથ મંદિર નો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકે છે. જોકે આ સેવા હજી વડોદરામાં શરૂ કરવામાં આવી નથી. ટૂંક સમયમાં શહેરમાં પણ આ સેવા કાર્યરત કરાશે તેમ જાણવા મળ્યું હતું.

મહાશિવરાત્રી પર પોસ્ટ ઓફિસમાંથી ગંગાજળની સુવિધા પણ ઉપલબ્ધ છે. 250 મિલી ગંગાજળની બોટલ ફક્ત 30 રૂપિયામાં મેળવી શકાય છે. શ્રી સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત રૂ.270 નો ઈ-મની ઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત- 362268 ને મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મની ઓર્ડર પર પ્રસાદ માટે બુકિંગ લખેલું હોવું જોઈએ. ત્યારબાદ, શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનું 400 ગ્રામનું પેકેટ મોકલશે. આ પ્રસાદમાં 200 ગ્રામ મગસના લાડુ, 100 ગ્રામ તલની ચીક્કી અને 100 ગ્રામ માવા ચીક્કી રહેશે. શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ પણ સ્પીડ પોસ્ટ સેવા દ્વારા દેશભરના લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત, ફક્ત રૂ. 251 નો ઈ-મની ઓર્ડર સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ પોસ્ટ ઓફિસ, વારાણસી (પૂર્વ) ડિવિઝન- 221001 ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળ્યા પછી, પોસ્ટ વિભાગ દ્વારા પ્રસાદ તરત જ સ્પીડ પોસ્ટ દ્વારા આપેલા સરનામે મોકલવામાં આવશે. પ્રસાદમાં શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગની છબી, મહામૃત્યુંજય યંત્ર, શ્રી શિવ ચાલીસા, 108 દાણાની રુદ્રાક્ષ માળા, બેલપત્ર, માતા અન્નપૂર્ણા પાસેથી ભિક્ષા માંગતા ભોલે બાબાની છબી ધરાવતો સિક્કો, ભભૂતિ, રક્ષાસૂત્ર, રુદ્રાક્ષ મણકા, મેવા, સાકરનું પેકેટ વગેરેનો સમાવેશ થાય છે. પોસ્ટ વિભાગે એવી પણ વ્યવસ્થા કરી છે કે શ્રદ્ધાળુઓને સ્પીડ પોસ્ટની વિગતો તેમના મોબાઈલ નંબર પર એસએમએસ દ્વારા મળી રહે. આ માટે, ભક્તોએ ઈ-મની ઓર્ડરમાં પોતાનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત છે.

VMCની કચરા કલેક્શનની ગાડી ખાડામાં ફસાઈ

# ગોરવામાં કોર્પોરેટરના કાર્યાલય પાસે વિકાસનો ખાડો પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 11



વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિકાસના નામે શહેરભરમાં ખોદાયેલા વિકાસના ખાડાઓ હવે નાગરિકો માટે મુશ્કેલીનું કારણ બની રહ્યા છે. અનેક જગ્યાએ હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરીને બનાવાયેલા રસ્તાઓમાં વાહનો ફસાઈ જવાના બનાવો સામે આવી રહ્યા છે. તેવામાં ગોરવા વિસ્તારમાં શાસક પક્ષ ભાજપના કોર્પોરેટર રાજેશ પ્રજાપતિના કાર્યાલયની બહાર માર્ગ ઉપર પડેલા ખાડામાં વીએમસીની જ કચરા કલેક્શનની ગાડી ફસાઈ જતાં ચર્ચા જાગી હતી.

કહેવાતી અને કાગળ પરની સ્માર્ટ સિટી વડોદરામાં વિકાસના કામોને વેગ આપવા શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓ ખોદવામાં આવ્યા છે. અનેક સ્થળોએ એકતરફી માર્ગ બંધ કરાતા વાહનચાલકો તેમજ સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### પાલિકાની વિકાસ કામગીરી સામે સવાલો

અગાઉ પણ અનેક વખત રોડ બેસી જવાથી વાહનો ખાડામાં ફસાઈ જવાના બનાવો સામે આવ્યા છે. વારંવાર બનતી આવી ઘટનાઓને લઇને પાલિકાની વિકાસ કામગીરી અને તેની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે.

ધોરણ 10-12ના 30 હજાર વિદ્યાર્થીઓ માટે વડોદરા ભાજપનો ‘માસ્ટર પ્લાન’

# વડોદરા ભાજપે વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન યોજના શરૂ કરી : બોર્ડ પરીક્ષાનો ડર ઘટશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 11

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનાર ધોરણ 10 અને 12ની પરીક્ષા આગામી તા. 26 ફેબ્રુઆરીથી શરૂ થતી હોય જેને અનુલક્ષીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ‘પરીક્ષા પે ચર્ચા’ અભિયાનથી પ્રેરણા લઈને વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ડર દૂર કરવા તથા માનસિક તણાવ ઘટાડવા માટે વિષય નિષ્ણાતો અને કાઉન્સિલરોની વિશેષ ટીમની રચના વડોદરા ભાજપ દ્વારા કરાઈ છે. વડોદરાના અંદાજે 30,000 જેટલા વિદ્યાર્થીઓ આ વર્ષે બોર્ડની પરીક્ષામાં બેસવાના છે. વિદ્યાર્થીઓ અસરકારક રિવિઝન કરી શકે અને મહત્તમ ગુણ પ્રાપ્ત કરી શકે તે હેતુથી શિક્ષકો અને કાઉન્સિલરો દરરોજ સાંજે 6 થી 8 વાગ્યા સુધી નિઃશુલ્ક માર્ગદર્શન અને માર્ગદર્શન સત્રો યોજશે.




### કાઉન્સિલ ટીમની વિગત

| | |
|---|---|
| **પરેશભાઈ શાહ** | અંબે સ્કૂલ (ભૂતપૂર્વ આચાર્ય) - 9227104896 |
| **ડૉ. નિતેશભાઈ ઠાકર** | રાજ્યપાલ એવોર્ડ વિજેતા શિક્ષક - 9601684010 |
| **ડૉ. જતીનભાઈ પટેલ** | (સાયકોલોજીમાં PHD, MSU) - 9925114997 |
| **નીતાબેન સંઘવી** | બ્રાઇટ સ્કૂલ (ભૂતપૂર્વ આચાર્ય) - 8320576754 |
| **ડૉ. દીપલબેન ડી. પટેલ** | ડાયરેક્ટર, ઇનસાઇડ પારુલ યુનિ. - 9033066865 |

### વિષય નિષ્ણાત ટીમની વિગત

| | |
|---|---|
| ધર્મેન્દ્રભાઈ કે. જોષી | ફિઝિક્સ - 9428761642 |
| સ્નેહલભાઈ શાહ | કેમિસ્ટ્રી - 9662015478 |
| રામચંદ્ર એમ. ચૌધરી | ગણિત - 7990994450 |
| વ્રજભાઈ શાહ | બાયોલોજી - 9316201649 |

## શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાને લઈ એકશન પ્લાન જાહેર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ત્યારે બોર્ડ દ્વારા એકશન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. બોર્ડમાં આ વર્ષે ધોરણ 10 અને 12ના કુલ 15.27 લાખ વિધાર્થીઓ પરીક્ષા આપશે. ગુજરાત બોર્ડ દ્વારા આ વખતે પ્રથમ વખત 5070 દિવ્યાંગ વિધાર્થીઓને 3 કલાકના પેપરમાં પ્રતિ કલાક 20 મિનિટનો સમય વધારે આપવામાં આવશે. રાજ્યમાં આ વર્ષે ગુજરાત બોર્ડના ધોરણ 10 ના 9,07,175 વિદ્યાર્થી, ધો.12 સાયન્સના 1,19,263 વિધાર્થીઓ અને સામાન્ય પ્રવાહના 5,01,286 એમ કુલ 15,27,724 વિધાર્થીઓ પરીક્ષા આપશે.ધોરણ 10 માં 1006 સેન્ટર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ 10માં 3243 બિલ્ડિંગમાં પરીક્ષા યોજાશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને સામાન્ય વિદ્યાર્થી કરતા એક કલાક વધુ અપાશે.

ખાનગી શાળાઓએ જાહેર કરાયેલા ટાઇમ ટેબલને અનુસરવુ પડશે

# સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં 6 એપ્રિલથી ધો.3-8ની વાર્ષિક પરીક્ષા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં અંતિમ પરીક્ષા માટે અગત્યની જાહેરાત કરવામાં આવી હતી. તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં આગામી 6 એપ્રિલ થી દ્વિતીય સત્રાંત એટલે કે વાર્ષિક પરીક્ષાઓ શરૂ થશે. આ વર્ષે પણ શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાઓ માટે કોમન ટાઈમ ટેબલ અમલમાં મૂકવામાં આવ્યું છે. આગામી 6 એપ્રિલથી 22 એપ્રિલ દરમિયાન રાજ્યની શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવશે.

આ પરીક્ષામાં ધોરણ 3 થી 8 ના તમામ વિદ્યાર્થીઓ સામેલ થશે. આ વર્ષે શિક્ષણ ક્ષેત્રે મહત્વનો ફેરફાર જોવા મળશે. રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં માત્ર પરીક્ષાનું ટાઈમ ટેબલ જ નહીં, પરંતુ પ્રશ્નપત્રો પણ સમાન કોમન રાખવાનો નિર્ણય લેવાયો છે. આ વ્યવસ્થા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર રાજ્યમાં શિક્ષણ અને મૂલ્યાંકનનું સ્તર એકસમાન જાળવવાનો છે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી ગ્રામીણ અને શહેરી વિસ્તારોના વિદ્યાર્થી ઓના જ્ઞાનનું સમાન માપદંડ પર મૂલ્યાંકન થઈ શકશે.

હાલમાં તમામ શાળાઓને આ અંગેની સૂચનાઓ આપી દેવામાં આવી છે. શાળાઓમાં પરીક્ષાના સુચારુ આયોજન માટેની તૈયારીઓ પણ તેજ કરી દેવામાં આવી છે. જીસીઈઆરટી અને શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ આ આખી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાનગી શાળાઓએ પણ આ જાહેર કરેલા ટાઈમ ટેબલ મુજબ જ પોતાની પરીક્ષાઓનું આયોજન કરવાનું રહેશે.

વડોદરામાં ફરી દારૂબંધીના લીરેલીરા ઉડ્યા

# છાણી કેનાલ રોડ પર બુટલેગરે મોટી માત્રામાં દેશી દારૂની પોટલીઓ ફેંકી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 11



વડોદરા શહેરમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના છાણી કેનાલ રોડ વિસ્તારમાં બુટલેગર દ્વારા મોટી સંખ્યામાં દેશી દારૂની પોટલીઓ બેફિકર રીતે ફેંકી દેવામાં આવતાં, વડોદરામાં દારૂબંધીના લીરેલીરા ઉડતા હોવાનું સ્પષ્ટ દેખાઈ આવ્યું છે.

વડોદરાને સંસ્કારી નગરી તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ હકીકતમાં શહેરના અનેક વિસ્તારોમાં દેશી તેમજ વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ અને સેવન થઈ રહ્યું છે. આ તમામ પ્રવૃત્તિઓ સામે પોલીસ તંત્ર જાણે આંખે પટ્ટી બાંધી બેઠું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક પોલીસ તથા વિવિધ એજન્સીઓ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવતું હોવાના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ આવા બનાવો પોલીસના દાવાઓને પોકળ સાબિત કરે છે.

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં જે રીતે દારૂનું વેચાણ અને સેવન ચાલી રહ્યું છે, તે પરથી સ્પષ્ટ થાય છે કે વડોદરામાં દારૂબંધી માત્ર નામ પૂરતી રહી છે. હવે ફરી એકવાર છાણી કેનાલ રોડ પર દેશી દારૂની પોટલીઓ બુટલેગર દ્વારા બેફામ રીતે ફેંકી દેવામાં આવતાં દારૂબંધીની હકીકત નરી આંખે જોવા મળી રહી છે.

આ દારૂની પોટલીઓ કયા બુટલેગર દ્વારા અહીં નાખવામાં આવી અને તે ક્યાંથી લાવવામાં આવી તે બાબતે પોલીસ સંપૂર્ણપણે અજાણ હોવાનું સામે આવી રહ્યું છે. ઘટનાને લઈને પોલીસની કામગીરી અને પેટ્રોલિંગ વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ટ્રાફિક સમસ્યા નિવારવા પાલિકાનો એક્શન પ્લાન

# વડોદરાના પાંચ વિસ્તારોમાં નવા ‘પે એન્ડ પાર્ક’ શરૂ થશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.11

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાના નિવારણ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાલિકા હસ્તકની ખુલ્લી જગ્યાઓ, ફૂટપાથ અને બ્રીજ નીચેની જગ્યાઓમાં ‘પે એન્ડ પાર્ક’ના ઈજારા આપવા માટે જાહેર હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે, પાલિકાની આ કામગીરીથી પાલિકાની આવકમાં વધારો થશે તેમજ શહેરીજનોને પાર્કિંગની સુવિધા પણ મળી રહેશે.

આ હરાજીમાં પાંચ વિવિધ જગ્યાઓ માટે કુલ 12 અરજદારોએ રસ દાખવ્યો હતો. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં યોજાયેલી આ પ્રક્રિયામાં અમિતનગર બ્રીજ નીચેની જગ્યા માટે સૌથી વધુ 1,41,000 રૂપિયાની માસિક બોલી બોલવામાં આવી હતી. અન્ય સ્થળોમાં ગોલ્ડન ચોકડી પાસે 51,000 રૂપિયા, જાંબુવા ચોકડી પાસે 30,000 રૂપિયા અને શાલિમાર ડુપ્લેક્ષ પાસે 14,000 રૂપિયાની ઉચ્ચતમ બોલીઓ પ્રાપ્ત થઈ છે.

આ તમામ ઈજારા એક વર્ષના સમયગાળા માટે આપવામાં આવશે. ઈજારદારોએ માસિક પરવાના ફી ઉપરાંત જીએસટી અને ટીસીએસની રકમ અલગથી ચૂકવવાની રહેશે. આ હરાજીની પ્રક્રિયા અને ઉચ્ચતમ બોલીઓને મંજૂરી આપવા માટેની દરખાસ્ત હવે આગામી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે. આ કામગીરીથી પાલિકાની આવકમાં વધારો થવાની સાથે નાગરિકોને પાર્કિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

ખુરશી અને લાકડાના ફટકાથી માલિક પર હુમલો

# તાંદલજા સનફાર્મા રોડ પર ફર્નિચરની દુકાનમાં લેતીદેતી મામલે ભારે હંગામો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11



વડોદરા શહેરના તાંદલજા સનફાર્મા રોડ પર ગેલેક્ષી હોસ્પિટલની બાજુમાં આવેલી લેન્ડમાર્ક ફર્નિચર દુકાનમાં રૂપિયા લેતી-દેતીના મામલે હિંસક દ્રશ્યો સર્જાયા હતા. દુકાન માલિક યામીનભાઈ પર બહારથી આવેલા ચાર જેટલા ઈસમોએ ઉગ્ર બોલાચાલી બાદ લાકડાના ફટકાથી મારામારી કરી હતી. માત્ર એટલું જ નહીં, હુમલાખોરોએ દુકાનમાં ભારે તોડફોડ કરી તેમજ બહાર પાર્ક કરેલી ગાડીઓનું પણ નુકસાન કર્યું હતું. અચાનક બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જે.પી. રોડ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે તપાસ શરૂ કરી છે.

વાડીના બુટલેગરે મકાન રાખી તેમાં દારૂ ઉતાર્યો હતો

# અકોટાના મકાનમાં પીસીબીની રેડ રૂ.13.17 લાખના દારૂ સાથે બે ઝડપાયાં

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11




અકોટા વિસ્તારમાં આવેલા રહેણાક મકાનમાં પીસીબીની ટીમે રેડ કરીને રૂ. 13.17 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગર અને તેના સાગરીતને ઝડપી પાડ્યાં હતા. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં દારૂનું ધુમ વેચાણ થાય છે. જેને લઈને પીસીબી પોલીસની ટીમ સિટી વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે વાડી વચલી પોળમાં રહેતો બુટલેગર રાહુલ જોષી તેના માણસ હેમંત પટેલ સાથે અકોટા રાધાકૃષ્ણ પાર્ક સોસાયટીના મકાન નંબર એ-49 માં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે અને હાલમાં દારૂનું કટિંગ ચાલી રહ્યું છે. જેના આધારે પીસીબી પોલીસની ટીમે અકોટા રાધાકૃષ્ણ પાર્ક સોસાયટીના મકાનમાં રેઈડ કરી હતી. ત્યારે મકાનમાંથી રાહુલ જોષી તથા હેમંત પટેલ હાજર મળી આવ્યાં હતા. જેથી તેમને સાથે રાખીને તપાસ કરાઈ હતી. ત્યારે મકાનમાંથી રૂ. 13.17 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પીસીબીએ દારૂનો જથ્થો, બે મોબાઈલ રૂપિયા 10 હજાર મળી રૂ. 13.27 લાખનો મુદ્દામાલ કબજે કરીને અકોટા પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો છે.

ભાડે ફેરવવા લીધેલી કાર ઠગે બોડેલી ખાતે ગીરવી મુકી દીધી

# ગોરવાના કાર માલિકે ભાડે કાર લઈ જનાર સહિત બે લોકો વિરુદ્ધ ફરિયાદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં મધુ નગર બ્રિજ પાસે નિશાર રેસીડેન્સીમાં રહેતા કાઝી મહમંદ ફારૂક અહેમદમીયા ઈકો કાર લઈને વરધી મારવાનો ધંધો કરતા હતા. પરંતુ તેમનો ધંધો સારો ચાલતો ન હોય તેઓએ કાર ભાડેથી આપવાનુ નક્કી કર્યું હતું. દરમિયાન રસુલશા દિવાન કારનું માસીક ભાડુ રૂ.25 હજાર અપાવવાનું નક્કી કર્યું હતું. જેથી કાર માલિકને રસુલશા દિવાન પર વિશ્વાસ આવી ગયો હતો.

ગત 1 જુલાઈ 2025ના રોજ રસુલસા તેમના ઘરે આવીને ઈકો ગાડી તેમની પાસેથી ભાડે ફેરવવા માટે લઈ ગયો હતો. તેણે એક મહિનાનુ માડિ ભાડુ આપ્યાં બાદ ભાડાની રકમ આપવાનું બંધ કરી દીધુ હતું. કાર માલિકે ગાડી તથા ભાડા માટે રસુલશા દિવાનને ફોન કરતા બંધ આવતો હતો. જેથી તેની પત્નીનો સંપર્ક કર્યો હતો ત્યારે તેણે તેના પતિ ક્યાંક જતા રહ્યા છે અને આ બાબતેની તેણીએ કપુરાઈ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ પણ નોંધાવી છે.

કાર માલિકે તપાસ કરાવતા જાણવા મળ્યુ હતું કે રસુલશા દિવાને ભાડેથી લીધેલી કાર બોડેલીના હિમાંશુ અગ્રવાલને ત્યા ગીરો મુકી દીધી છે. જેથી તેઓએ બોડેલી ખાતે જઈને હિમાંશુ અગ્રવાલ કાર માગતા તેની પાસેથી રસુલશા દિવાને નાણા લીધા છે જે નાણા પરત મળશે તો તમારી ઈક્કો પરત આપીશ તેમ જણાવ્યુ હતું. આજ દિન સુધી રસુલશા દિવાન તથા હિમાંશુ અગ્રવાલે કાર પરત નહી આપતા તેમના છેતરપિંડીની ફરિયાદ નોધાવી છે.

શહેર ભાજપ પ્રમુખે પંડિતજીના અંત્યોદયના વિચારને સાર્થક કરવા આહવાન કર્યું

# પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિએ ભાજપ દ્વારા ‘સમર્પણ દિવસ’ની ઉજવણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.11





ભારતીય જનતા પાર્ટી દ્વારા જનસંઘના સ્થાપક અને પ્રખર રાષ્ટ્રવાદી વિચારક પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર શહેરમાં ‘સમર્પણ દિવસ’ ની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે શહેરના મુખ્ય ઓડિટોરિયમ ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં ભાજપના નેતાઓ અને કાર્યકરોએ ઉપસ્થિત રહી પંડિતજીને ભાવભરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં શહેર પ્રમુખ ડો. જે.પી. સોની વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે તાજેતરમાં નિમણૂક પામેલા નવનિયુક્ત પદાધિકારીઓ અને સંગઠનના અગ્રણીઓએ પંડિત દીનદયાળજીની પ્રતિમા સામે દીપ પ્રાગટ્ય કરી પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે વાતાવરણ દેશભક્તિ અને સમર્પણના ભાવથી ગુંજી ઉઠ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પક્ષના હોદ્દેદારો, મંડળના પ્રમુખો અને પાયાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને સમર્પણ નિધિ દ્વારા પક્ષને મજબૂત બનાવવાના શપથ લીધા હતા.